**રાણપુરના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાર્સ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : રાણપુર, જીલ્લો :બોટાદ**

**ફોજદારી કેસ નં.197/ 2026**

ફરિયાદી :– શ્રી સરકાર.

**વિરૂધ્ધ:–**

**આરોપી :– સતારભાઈ હુસેનભાઈ માંકડ**

**ગુનો:– એમ.વી.એકટની કલમ–128,177 મુજબ...**

૧) ઉપરોકત આરોપી સામે રાણપુર પોલીસ સ્ટેશન દ્વારા નો.કો.(મેમો)નં.બી.ટી.ડી./૧૨૧૮૪ તા.૧૩/૦૩/૨૬ એમ.વી.એકટનીકલમ–**128,177**અન્વયે એન.સી.ફરિયાદ રજુ કરવામાં આવેલ છે.

૨) આરોપીને સમન્સ બજતાં કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને વિના મૂલ્યે ફરિયાદની નકલ આપવામાં આવી. ત્યારબાદ આરોપીની આંક–૨ ઉપર પ્લી લેતાં તેમણે ગુનો એકરાર કરેલ છે.

૩) આરોપી સામે એવો આક્ષેપ છે કે, તા. **13/03/2026** ના રોજ કલાક–**20/00** વાગ્યાના અરસામાં આ કામના આરોપી પોતાનુ વાહન વગર લાઈસન્સે ચલાવી મળી આવી ગુન્હો કરી પકડાઈ જઈ એમ.વી.એકટની કલમ– **128,177** મુજબના ગુનાઓ કર્યા વિગેરે બાબત.

૪) આરોપીએ સ્વૈચ્છીક રીતે કોઈપણ જાતની ધાક–ધમકી કે લોભ–લાલચ સિવાય પોતાના ગુનાનો એકરાર કરેલ હોય તેમની સામેનો ગુનો સાબિત ન માનવા માટે કોઈ કારણ ન હોવાથી તેમજ આરોપીએ મારી સમક્ષ કરેલ મૌખિક રજુઆતમાં તે ગરીબ બાળ–બચ્ચાવાળા માણસ હોય, કાયદામાં જે દંડ સજાની જોગવાઈ હોય તેમાં ઓછામાં ઓછી દંડ સજા કરવા મારી સમક્ષ દયાની માંગણી કરેલ હોય, તેમની સામેનો ગુનો સાબીત ન માનવા માટે કોઈ કારણ ન હોવાથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**–// હુકમ //–**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ તકસીરવાન ઠરાવી તેમની સામેનો એમ.વી.એકટની કલમ– **128,177** મુજબ ગુનાઓ સાબીત માની, સદરહું આરોપીને **રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ ફરમાવું છું. જો આરોપી દંડ ભરવાની કસુર કરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૬ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તા. ૧૬/૦૩/૨૬**
**સ્થળ : રાણપુર**

**જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,**
**રાણપુર**